# રક્ષાબંધનના ભાવનાત્મક તેમજ આધ્યાત્મિક મર્મને સમજીએ

બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ:(M) +91 9825892710



આપણાં ભારત દેશમાં વર્ષ દરમ્યાન આપણે અનેક ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ. તેમાં શ્રાવણ મહિનાની પૂનમે આવતા .રક્ષાબંધનના તહેવારની એક આગવી વિશેષતા છે. તેનું બીજુ નામ 'બળેવ' છે. રક્ષાબંધનને સામાન્ય રીતે ભાઇ-બહેનનો તહેવાર માનવમાં આવે છે. તે દિવસે બહેન ભાઇને તિલક કરે છે અને રાખડી બાંધે છે. આ દિવસે બ્રાહ્મણો જનોઇ બદલે છે. માછીમારો આ દિવસે નારિયેળ વડે દરિયાની પૂજા કરે છે. તેથી તેને નારિયેળી પૂનમ પણ કહેવાય છે. આ એક વિશેષ દિવસ છે જે ભાઈ-બહેનો માટે બનેલો છે. ભાઇના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પ્રતીકાત્મક પર્વ છે.

મનુષ્ય જન્મે ત્યારથી તેને કોઇ ને કોઇ પ્રકારનો ભય કે ડર રહેતો હોય છે, અને જ્યાં ભય હોય ત્યાં રક્ષાનો પ્રશ્ન ઊભો થાય છે. આપણે આપણું રક્ષણ અનેક રીતે કરવાનો પ્રયાસ કરતાં હોઈએ છીએ પરંતુ આ બધામાં અંતરની આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવનાનું રક્ષણ, અદ્રશ્ય પરમાત્મા અને દેવી-દેવતાઓને ગદગદ ભાવે કરેલી પ્રાર્થનાનું રક્ષણ એ સર્વોત્તમ રક્ષણ છે. આમાં રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે.

. આવું ભાવાત્મક રક્ષણ પ્રિયજનને આપવાના અનેક દ્રષ્ટાંતો આપણાં શાસ્ત્રોમાં તેમજ ઈતિહાસમાં મળે છે. માતાઓએ પોતાના સંતાનોને, પત્નીઓએ પોતાના પતિઓને, ભગિનીઓએ પોતાના ભાઈઓને રાખડી બાંધ્યાના અનેક પ્રસંગો છે. આવા રક્ષણની ભાવના અભિમન્યુ પ્રતિ કુંતીએ, રણમોરચે જતાં પહેલાં, રાખડી બાંધી અભિવ્યક્ત કરી હતી હતી. દેવાધિદેવ ઈન્દ્ર દાનવો સામે હારી ગયા ત્યારે ઈન્દ્રાણીએ રાખડી બાંધી રક્ષાબંધનનું વ્રત કર્યું હતું, જેથી ઈન્દ્રે વિજય પ્રાપ્ત કર્યો હતો. મેવાડની મહારાણી કર્મવતીએ હુમાયુને રક્ષા મોકલી ભાઇ બનાવ્યો હતો અને યુધ્ધ નિરસ્ત કર્યું હતું.

વિશેષરૂપે હિંદુ સમાજમાં રક્ષાબંધનના દિવસે બહેનો પોતાના ભાઇના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઇચ્છે છે. કોઈને પ્રશ્ન થઈ શકે કે શું રાખડી બાંધીને કોઇની રક્ષા ખરેખર થઈ શકે? અહિયાં મહત્વ રાખડીનું નથી, પરંતુ મહત્વ છે રાખડી બાંધતી વખતે બહેને આપેલા અંતરમનના આશીર્વાદનું, શુભ ભાવનાઓનું અને શુભ કામનાઓનું. એટલે આવો ભવ્ય ભાવનાનો તહેવાર માત્ર નિર્જીવ વ્યવહાર બની રહેવો ન જોઇએ. ભાઇને મન રાખડી બંધાવવી એટલે વ્યવહારની એક રસમ પૂરી કરવી, બહેનને શક્તિ અનુસાર કંઇક આપી છૂટવું, અને બહેને ભાઇ પાસેથી કંઇ મેળવવાનો હક્ક પૂરો કરવો એ ગૌણ છે. આપેલી અને લીધેલી ચીજકે પૈસાનું કોઈ વિશેષ મહત્વ નથી, પરંતુ ભાઇ-બહેન વચ્ચેના સ્નેહમાં અને શુભ ભાવનાઓમાં અભિવૃદ્ધિ થાય એ વધુ મહત્વનું છે.

આપણે આપણાં ઉત્સવો પાછળ છુપાયેલા સાંસ્કૃતિક, ભાવનાત્મક તેમજ આધ્યાત્મિક રહસ્યોને જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ. વાસ્તવમાં રક્ષાબંધન એ દૃષ્ટિ અને વૃત્તિની પવિત્રતા કેળવવાનું પર્વ છે. ખાસ કરીને મહિલાઓ તરફ વિકૃત દ્રષ્ટિએ ન જોતા તેમના પ્રત્યે પવિત્ર દ્રષ્ટિ રાખવી જોઈએ એ મહાન સંદેશ આપતા આ પવિત્ર તહેવારને આપણે ભાઈ બહેન પૂરતો મર્યાદિત બનાવી દીધો છે. ખાસ કરીને આજે જ્યારે વિશ્વમાં મહિલાઓ પ્રત્યે કુદૃષ્ટિ, છેડતી, બળાત્કાર, શોષણ ના કિસ્સા ઉત્તરોત્તર વધતાં જઇ રહ્યા છે ત્યારે આ પવિત્ર તહેવારની સાચા અર્થમાં વૈશ્વિક સ્તરે ઉજવણીનું મહત્વ ખુબજ વધી જાય છે.

બહેન જ્યારે ભાઇને રાખડી બાંધે છે ત્યારે તેના ભાલ પર ચાંલ્લો કરે છે. સામાન્ય લાગતી આ

પ્રણાલીમાં દ્રષ્ટિ પરિવર્તનની ભાવના સમાયેલી છે. ચાંલ્લો એ આત્મા ની સ્મૃતિ અપાવે છે. આત્માની વિસ્મૃતિ અને દૈહિક દૃષ્ટિને કારણે આજે વ્યક્તિની દૃષ્ટિ તેમજ વૃત્તિમાં વિકૃતિ આવી ગઈ છે. તેના નકારાત્મક પરિણામ પણ આપણે સમાજમાં જોઈ રહ્યા છીએ. આ વિકૃત દૃષ્ટિ તેમજ વૃત્તિનું સમન આત્મિક સ્મૃતિથી જ થઈ શકે.. એટલે ચાંલ્લો કરવાના ઉપરોક્ત ભાવને સમજીને ચાંલ્લો કરીશું કે કરાવીશું તો સાર્થક ગણાશે. વાસ્તવમાં ચાંલ્લો એ જ્ઞાનના ત્રીજા નેત્રનું પવિત્ર પ્રતિક પણ છે. ચાંલ્લો કરીને બહેન ભાઈને ત્રિનેત્રી બનાવે છે. ભગવાન શંકરે ત્રીજું નેત્ર ઉઘાડી કામદેવને ભસ્મ કરી નાખ્યો હતો. બહેન પણ ભાઇનું ત્રીજું નેત્ર-બુદ્ધિલોચન ખોલી ભાઇને વિકાર વાસના ભસ્મ કરવાનું આડકતરી રીતે સૂચન કરે છે એ ભાવ રહેલો છે.

ચાંલ્લો કર્યા બાદ બહેન રાખડી બાંધે છે. રાખડી એ માત્ર સૂતરનો તંતુ નથી, એ તો શીલ અને સ્નેહનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું એક પવિત્ર બંધન છે. ભાઇના હાથે રાખડી બાંધીને બહેન માત્ર પોતાનું જ રક્ષણ ઇચ્છે છે એટલું જ નહિ, પરંતુ સમસ્ત સ્ત્રી સમાજને પોતાના ભાઇનું રક્ષણ મળે એવી શ્રેષ્ઠ ભાવના અને અપેક્ષા રાખે છે. સાથે સાથે પોતાનો ભાઇ, મનુષ્ય આત્માના શત્રુઓ સમાન કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, સ્વાર્થ, તૃષ્ણા, ધૃણા વગેરે વિકારો ઉપર વિજય મેળવી તેનાથી દૂર રહે તેવી અપેક્ષા રાખે છે.

ત્યાર બાદ બહેન ભાઈ ને મીઠાઇ ખવડાવી મુખ મીઠું કરે છે. આ પણ ખુબજ માર્મિક છે. આની પાછળનો ભાવ એ છે કે ભાઈ ના મુખમાથી હમેશાં મીઠા તેમજ સત્ય વચન નીકળે. ભાઈ બહેનને ભેટ પણ આપે છે. તે પણ આધ્યાત્મિક દ્રષ્ટિએ માર્મિક છે. ભેટ સોગાદ આપવા પાછળ નો આશય બેન સુરક્ષિત રહે, હમેશા ખુશ રહે તેમજ સુખી રહે તે હોવો જોઈએ.

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં રક્ષા બંધનના તહેવારનું ખુબજ મહત્વ છે અને તેની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. ઈશ્વરને સમર્પિત પવિત્ર બહેનો સમાજના દરેક વર્ગના લોકોને રક્ષાનું આ પવિત્ર ઈશ્વરીય બંધન ખુબજ ઊંચી શુભ ભાવનાથી નિસ્વાર્થ ભાવે બાંધે છે અને વિષય વિકારોથી દૂર રહેવાની શુભ ભાવના અભિવ્યક્ત કરે છે. સંસ્થા દ્વારા વિવિધ અન્ય



સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે વિશેષ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે. આપ પણ આ પવિત્ર બહેનો પાસે રક્ષા જરૂરથી બંધાવશો અને આપના જીવનને દિવ્ય બનાવશો.

- --------------ॐ શાંતિ-----------